અનુપમ મિશન

બાળકો માટેનું
અનુપમ મિશન દ્વારા
દર બે મહિને પ્રકાશિત થતું
સંસ્કારલક્ષી સામયિક

# અનુપમ તારલા

જાન્યુઆરી–૨૦૨૦ * વર્ષ : ૧ * અંક : ૧

## અનુપમ તારલાઓને સાહેબદાદાના આશીર્વાદ...




નૂતન વર્ષાભિનંદન!

॥ સ્વામિશ્રીજી ॥ ૧ જાન્યુ., ૨૦૨૦

'બ્રહ્મજ્યોતિ' મોગરીના નવા મંદિરની મૂર્તિઓના પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવના મંગલપ્રસંગને ચિરસ્મરણિય બની રહે તે માટે પૂ. અશ્વિનભાઈ, પૂ. શાંતિભાઈ સદ્ગુરૂ સંતોની પ્રેરણા-આશીર્વાદથી પૂ. સુનિલભાઈ-સંતો- અને સાથીદારો ગુણાતીત સમાજ પરિવારના સૌ બાલસ્વરૂપો માટે "અનુપમ-તારલા" નામથી એક સુંદર માસિકનો શુભ પ્રારંભ કરી રહ્યા છે. તે સૌને હ્રદયના ભાવથી વંદન-અભિનંદન!

બાળકોના હૈયામાં પ્રભુએ આપેલી સુષુપ્ત શક્તિઓને ખીલવીને જો સત્સંગના રંગે રંગવામાં આવે તો માનવ સાચા અર્થમાં માનવ બની રહે છે.. પોતે સુખીયો થાય છે સાથે બીજાને સુખી બનાવવામાં મદદરૂપ પણ બની રહે છે. 'અનુપમ તારલા' દ્વારા તેમાં સફળતા મળો. બાળકો સાથે વડિલોને પણ તેની લગની લાગે તેવું સફળ બની રહો.. જેથી તેમાં કામ કર્યાનો સૌને આનંદ-સંતોષ મળો તેવી ગુરૂચરણે-પ્રભુચરણે અમો સૌની પ્રાર્થના-આશીર્વાદ સાથે આપના જ શાંતિભાઈ-અશ્વિનભાઈ-મનોજભાઈ-સંતો અને સાહેબના ભાવભર્યા જય સ્વામિનારાયણ!





# અનુપમ ઉડાન એટલે બાળસભા

આપણને રૂા. ૨૫૦૦૦/- મળતા હોય તો તે છોડીને પણ અઠવાડિક સત્સંગ સભા ભરવી.

– બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ

ગુરુવર્ય સંતભગવંત સાહેબદાદાને બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજે હોસ્ટેલમાં અઠવાડિક સત્સંગસભા શરૂ કરવાની આજ્ઞા કરી હતી. તે આજ્ઞાનું પાલન કરી આપણા વ્હાલા સાહેબદાદા દર ગુરુવારે અઠવાડિક સત્સંગસભા કરતા અને આજે પણ તે સભા દર ગુરુવારે બ્રહ્મજ્યોતિમાં થાય છે.

બાળસભામાં આપણે શું કરીશું?
સભાની પૂર્વ તૈયારીમાં જગ્યા સ્વચ્છ કરીને શેતરંજી પાથરવી, ઠાકોરજીની મૂર્તિ ગોઠવવી, આરતી, દીવો તથા પ્રસાદ તૈયાર કરવો. સભા શરૂ થયે આહ્વાન શ્લોક અને ભજન ગાઈશું. ભજન બાદ સ્વામીની વાતો તથા પાથેય વાંચીશું. ભજન, શ્લોક કે શ્રીજી મહારાજથી માંડીને સાહેબદાદા સુધીના સ્વરૂપોના જીવનના પ્રસંગોના વર્ણન તૈયાર કર્યા હોય તો મૌખિક બોલીશું.

આપણે બાળકોએ દર રવિવારે બાળસભા ભરવી જોઈએ.

આપણા સભાસંચાલક રમાડે તે રમતો રમીશું. નાસ્તો કરીશું... થાળ-આરતી કરી, પ્રસાદ લઈ છૂટાં પડીશું. આવતા રવિવારે શું મુખપાઠ કરીને આવવાનું છે તે જાણી લઈશું અને સભાસ્થાન ચોખ્ખું કરીને જઈશું.

આ સભામાં જે જે બાળકો આવે તે બધાં સાથે હળીમળીને રહીશું. લડાઈ, ઝઘડા કે મારામારી કરીશું નહીં. સંપીને રહીએ તો સાહેબદાદા ખૂબ જ રાજી થાય.

તમારી સભાનો રિપોર્ટ અનુપમ તારલાને લખી મોકલશો. નવી નવી પ્રવૃત્તિઓ કરજો અને, સાહેબદાદાને રાજી કરજો.
સૌને જય શ્રી સ્વામિનારાયણ.

સંકલન : ડૉ. અંકિતાબેન જોષી



મૂળ અક્ષરમૂર્તિ સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામી

## અનુપમ તારલાની કલમે...



વ્હાલાં બાળમિત્રો,

ચાલો, આ સુંદર મજાની વાર્તા વાંચીએ.

પણ જરા ધ્યાનથી વાંચજો હોં, કારણ કે, વાર્તાની નીચે આપેલા પ્રશ્નોના જવાબ પણ તમારે આપવાના છે.


ભાદરા નામે રળિયામણું ગામ, જ્યાં શ્રીજી મહારાજને રહેવાનું ધામ એવા ગુણાતીતાનંદ સ્વામી એટલે કે મૂળજી શર્મા પ્રગટ્યા. એકવાર તેમના પિતાશ્રી કહે, ‘‘બેટા, અત્યારે તારી ઉંમર રમવાની છે, ભજન-ભક્તિ કરવાની નહીં, ઘડપણની ઉંમર એટલે ભજન-ભક્તિની ઉંમર.’’ આથી મૂળજી તો કાંઈ બોલ્યા વગર ઘરમાંથી બહાર ચાલી નીકળ્યા. પિતાશ્રી રાજી થયા કે મૂળજી રમવા ગયો. પણ મૂળજી તો ગામમાં ઘરડાઓ શું કરે છે તે જોવા ગયા હતા. અંતે મોડી સાંજે ઘરે પાછા ફરતા મૂળજી તેમના પિતાશ્રીને કહે છે, ‘‘બાપુજી, ગામમાં કોઈ ઘરડાઓ ભજન કરતા નથી, બધા ગામ-ગપાટા મારે છે. માટે ભજન-ભક્તિ તો નાનપણથી જ કરવા જોઇએ. ‘‘પિતાજી મૌન થઇ ગયા.’’

બાલમિત્રો, ઉપરનો ફકરો વાંચી નીચેના પ્રશ્નોના જવાબ વિચારો જવાબ ના આવડે તો આ પ્રશ્નોના જવાબ આ અંકમાં જ આપેલા છે, તે જોઇ લેશો.

**૧. ઉપરની વાર્તાનું શીર્ષક/મથાળું લખો.**

**૨. વાર્તામાંથી મળતો બોધ/શીખવા જેવી વાત જણાવો.**

**૩. આ વાર્તાના મુખ્ય પાત્રનું નામ જણાવો.**



-સંકલન : પૂ. સરજુ ટેલર



## મને ઓળખો



| | | | | |
|---|---|---|---|---|
| **F** | ળ | ત્ર | મૂ | જી |
| **E** | ડું | ત્વ | દ | ણા |
| **D** | શ | ઝી | ગ | ક્ષ |
| **C** | રૂ | ળ | ગ | ર્મા |
| **B** | ભ | ર | જી | ત |
| **A** | ઈ | ન | ગ | બ |
| | **1** | **2** | **3** | **4** |

જવાબ:


(1) | D2 | E4 | B1 | A3 | B4 | :- ----------------------------------------

(2) | E1 | D3 | B2 | B1 | A3 | B4 | :- ----------------------------------------

(3) | F3 | C2 | B3 | D1 | C4 | :- ----------------------------------------

જવાબ : ૧. ઝીણા ભગત(યોગી બાપા) ૨. ડુંગરભગત(શાસ્ત્રીજી મહારાજ) ૩. મૂળજી શર્મા(ગુણાતીતાનંદ સ્વામી)

-સંકલન : પૂ. ઊર્જાબહેન પટેલ, મોગરી






# સાહેબદાદાના સેનાનીઓ

કેટલાંક બાળકોનાં નામ અને તેમના ગુણ દર્શાવ્યાં છે.
કયાં બાળકોને સાહેબદાદાના સેનાની કહી શકાય ?
તમારે તે બાળકોનાં નામ અને તેમના ગુણ નીચે લખી તે સાચાં છે કે
નહીં તે તમારાં મમ્મી કે પપ્પાને બતાવશો.

| | નામ | ગુણ |
|---|---|---|
| (૧) | ---------------------------------------- | ---------------------------------------- |
| (૨) | ---------------------------------------- | ---------------------------------------- |
| (૩) | ---------------------------------------- | ---------------------------------------- |
| (૪) | ---------------------------------------- | ---------------------------------------- |




-સંકલન : પૂ. ઊર્જાબહેન પટેલ, મોગરી



## બાળ વાર્તા

# હંસ અને કાગડો

એક હતું સરોવર; મોટા દરિયા જેવડું, એને કાંઠે એક વડ; મોટો વડ, એના ઉપર એક કાગડો રહે.



કાગડો તો કાળો કાળો મેશ. કાગડો એક આંખે કાણો અને એક પગે ખાંગો. કાગડો ઊડે તો જાણે પડ્યો કે પડશે.

પણ કાગડાના મનમાં તો એમ કે, મારા જેવું કોઈ ના ઊડે !

એક વાર ત્યાં હંસ આવ્યા. આવીને વડ ઉપર રાત રહ્યા. સવાર પડી ત્યાં કાગડે ભાળ્યા.



કાગડો : ‘ અરે, આ વળી કોણ હશે ? આ નવતર પ્રાણી ક્યાંનાં ?’

કાગે એક પાંખ ફેરવી, એક પગ ઊંચો કર્યો ને રોફથી પૂછ્યું : “અલ્યા એ કોણ છો તમે ? અહીં કેમ આવ્યા છો ? પૂછ્યા વિના કેમ બેઠા ?”

હંસ કહે : “ભાઈ અમે હંસ છીએ. ફરતાં-ફરતાં આવ્યા છીએ; હમણાં જ થાક ખાઈને ચાલ્યા જઈશું.”



કાગડો કહે : “એ તો બધું જાણ્યું. પણ કાંઈ ઊડતાં કરતાં આવડે છે કે એકલા મોટાં શરીર જ વધાર્યાં છે ?”

હંસ કહે: “ઠીક ઠીક ઊડી જાણીએ.”

કાગડો કહે: “વારુ, ઊડવાની કાંઈ જાતો બાતો આવડે છે ? આપણને તો એકાવન જાતની ઊડ આવડે છે.”

હંસ કહે : “એકાવન તો શું, પણ એકાદ ઊડ ઊડી જાણીએ.”

કાગડો કહે : “કાગડા જેવું કોઈ થયું છે ? ક્યાં એકાવન અને ક્યાં એક ! કાગડો તે કાગડો ને હંસ તે હંસ !”



પણ હંસમાં એક હંસ જુવાન હતો. એનાથી ન રહેવાયું. કહ્યું : “ચાલોને આપણે જરાક ઊડી જોઈએ ? તમારી એકાવન ઊડ બતાવો તો ખરા.”

કાગડાએ પોતાને આવડતી બધી જાતની ઉડ બતાવવા માંડી. એક પછી એક પાંદડે પાંદડે ઊડીને બેઠો ને આ રીતે એકથી એકાવન ઊડ ગણીને બતાવી.

હંસ કહે : “ઊડ તો ભારે ! પણ એક અમારી ઊડ પણ હવે જોશો ને ? પણ તમારેય સાથે જ રહેવું પડશે. તમે સાથે રહો તો બરાબર જોઈ શકો ને ?”



કાગડો આગળ ઊડ્યો ને હંસ તેની પાછળ ઊડ્યો.

કાગડો કહે: ''હંસભાઈ ! કાં વાંસે વાંસે ચાલ્યા આવો ? આવા ધીરા શું છો ? ઊડવાના કાયર લાગો છો ?''

કાગડાના પગમાં હજુ તો જોર હતું. કાગડો આગળ ને હંસ પાછળ ઊડ્યે જતા હતા. કાગડો કહે: ''કાં ભાઈ ! આજ ઊડ બતાવવી છે ? લ્યો, ચાલો હવે થાક્યા હશો; પાછા વળીએ. આમાં કાંઈ માલ નથી.''



હંસ કહે: ''જરા આગળ તો ઊડો ! હજી ઊડ બતાવવી બાકી છે.''

પણ કાગડાભાઈ હવે થાકી ગયા હતા. પોતે આગળના પાછળ થઈ ગયા.

હંસ કહે: ''કાં કાગડાભાઈ ! પાછળ કાં રહો ? હજી ઊડ થવાની બાકી છે. પાછળ રહો તો જુએ કોણ ?'' પણ કાગડાભાઈ ઢીલા થઈ ગયા હતા; પંડમાં જોર રહ્યું નહોતું. ભાઈની પાંખો હવે પાણીમાં અડવા માંડી હતી.



હંસ તો આગળ ઊડ્યો ને કાગડાભાઈ પાછળ પાણીમાં ડૂબકાં દેવા લાગ્યા. જરાક આગળ ગયા પણ પછી તો પાણી ઉપર પડી ગયા.



હંસ કહે : ''કાગડાભાઈ ! આ વળી કયો પ્રકાર કર્યો ? બાવનમો કે ત્રેપનમો ?'' પણ કાગડો તો પાણીમાં ગળકાં ખાવા લાગ્યો હતો; રામશરણની તૈયારી થઈ હતી.





હંસને દયા આવી. ઝટ લઈને પાસે આવ્યો ને કાગડાને પાણીમાંથી કાઢી લઈ પીઠ ઉપર બેસાડ્યો. પછી હંસ કાગડાને લઈને ઊંચે આકાશમાં ઊડ્યો.

કાગડો કહે: ''એ ભાઈ ! આ તું શું કરે છે ? મને તો ચક્કર આવે છે. આ તું ક્યાં ચાલ્યો ? હેઠો ઊતર, ભાઈ ! હેઠો ઊતર.''



કાગડો ધ્રૂજતો હતો.

હંસ કહે: ''ભાઈ ! જો તો ખરો ? આ હું તને એક ઊડ બતાવું છું.''



કાગડો ભોંઠો પડ્યો, મૂરખો બન્યો ને કરગરવા લાગ્યો.

પછી હંસ હેઠે આવ્યો ને કાગડાને થયું કે '''હાશ, હવે જીવ્યા !''

પણ તે દિવસથી કાગડો સમજી ગયો.

બાળમિત્રો, કાગડાભાઈને પોતાની આવડતનું અભિમાન હતું પણ પોતાના કરતાં બીજા ઘણા બધા વધુ આવડતવાળા હોઈ શકે એ વિચાર નહોતો કર્યો. હંસના ગુણ પણ જુવો. કાગડાને પાણીમાં પડવા ના દીધો પણ બચાવી લીધો એ જ હંસની મોટાઈ હતી. આપણે પણ કોઈ વાતનું અભિમાન કરવું ન જોઈએ.



સંકલન : પૂ. છાયાબેન શ્રોફ (અમદાવાદ)



## શબ્દ શોધ

| | | | | |
|---|---|---|---|---|
| તિ | ત | ર | પૂ | જા |
| લ | વ | લ | થા | મ |
| ક | ડ | કં | ળ | સ |
| ચાં | દં | ઠી | મા | ડ |
| દ | ય | વ | ક | ળા |
| લો | ક | આ | ર | તી |
| મો | ર | દિ | મં | સ |

નોંધઃ- શબ્દ આડો ઊભો ત્રાંસો ગમે તે રીતે બની શકે છે.

જવાબ

(૧) દા.ત. મંદિર

(૨)

(૩)

(૪)

(૫)

(૬)

(૭)

(૮)

## ગમ્મત ગુલાલ



નાનો ભાઈ : 'આપણે હવે થોડા સમયમાં પૈસાદાર થઈ જઈશું.''

મોટો ભાઈ : ''એ કેવી રીતે ?''

નાનો ભાઈ : 'આવતી કાલે મારા ગણિતના શિક્ષક પૈસાને રૂપિયામાં કેવી રીતે ફેરવાય તે શીખવાડવાના છે.'

*****

આ તો સારું છે કે ૧૯૪૭માં Whatsapp નહોતું. નહીંતર આઝાદીની લડતમાં કોઈ ભાગ જ ના લેત. લોકો ઘરે બેઠા જ મેસેજ કરત કે, ''આ મેસેજને એટલો વાઈરલ કરો કે અંગ્રેજો ભારત છોડીને ચાલ્યા જાય !''

*****

બાપુએ પૂરપાટ ગાડી હંકારતા અકસ્માત નોતર્યો. કોર્ટમાં જજ સાહેબે પૂછ્યું,
'બોલો, શું સજા આપું ? ૩૦ દિવસની જેલ કે ૩૦૦૦ રૂપિયા ?'
બાપુ : સાહેબ ૩૦૦૦ રૂપિયા આપો તો સારું, મારી ગાડી રિપેર થઈ જાય !'

*****

એ તો સારું છે કે, રાંધણ ગૅસ ટૂથપેસ્ટના જેવી પેસ્ટના બદલે લોખંડના બાટલામાં હોય છે. નહીંતર અમુક લોકો તો ગૅસને પણ ટૂથપેસ્ટની જેમ દબાવી દબાવીને કાઢત.

*****

બાપુ- મારા કાકાની પાસે સાઈકલથી માંડીને હવાઈજહાજ સુધીનું બધું જ છે.
કનુ – તારા કાકાને શેનો બિઝનેસ છે ?
બાપુ – તેમની રમકડાંની દુકાન છે.

– સંકલન : પૂ. સની પટેલ, વિદ્યાનગર

# સર્વોપરી પૂર્ણ પુરુષોત્તમ ભગવાન શ્રી સ્વામિનારાયણ



: પ્રાગટ્ય તિથિ :
ચૈત્ર સુદ નોમ
શ્રી રામનવમી
૩ એપ્રિલ, ૧૭૮૧
સોમવાર
રાત્રે ૧૦:૧૦ વાગ્યે



**પ્રાગટ્ય તીર્થ** : છપૈયા - ઉત્તરપ્રદેશ
બાળપણનું નામ : ઘનશ્યામ
પિતા : શ્રી ધર્મદેવ, માતા : શ્રી ભક્તિદેવી
ભાઈઓ : રામપ્રતાપજી, ઈચ્છારામજી



માત્ર ૧૧ વર્ષની ઉંમરે ઘનશ્યામે ગૃહત્યાગ કર્યો. નાનું વસ્ત્ર, હાથમાં માળા અને પલાશનો દંડ, શાસ્ત્રોના સારરૂપી ગુટકો, શાલિગ્રામ, કમંડળ આદિ લઈને ખુલ્લા પગે બાળયોગી વનવિચરણ માટે નીકળ્યા. તેઓનો વેશ અને સુકાયેલા શરીરના કારણે લોકોએ તેઓને નીલકંઠના નામથી ઓળખ્યા.

૭ વર્ષ, ૧ માસ અને ૧૧ દિવસ સુધી નીલકંઠે વનવિચરણ કર્યું. ૭ દેશો, ભારતનાં ૧૪ રાજ્યો અને અનેક ગામડાંઓમાં પ્રભુ પધાર્યા અને તે સ્થળોને તીર્થત્વ આપ્યું. અનેકોનાં કલ્યાણ કર્યાં. આ દરમિયાન તેઓએ કઠિન તપસ્યા કરી.



વનવિચરણ કરતા પ્રભુ ગુજરાતના લોજ ગામે પધાર્યા. ત્યાં ગુરુ રામાનંદ સ્વામીએ તેમને ઓળખ્યા અને સૌને ઓળખાવ્યા.



જેતપુરમાં ગુરુ રામાનંદ સ્વામીએ દીક્ષા આપી ધર્મધુરા સોંપી અને પસહજાનંદ સ્વામીથ નામ આપ્યું.

પોતાની હયાતીમાં નીચેનાં મંદિરો રચ્યાં.






મંત્ર આપ્યો નસ્વામિનારાયણસ્રે

શિક્ષાપત્રી અને વચનામૃત જેવાં

અનેક ધર્મશાસ્ત્રો રચ્યાં અને રચાવ્યાં.

સંપ્રદાયની સાચવણી માટે વડતાલ અને અમદાવાદ પ્રદેશની રચના કરી તે માટે આચાર્યો બનાવ્યા.
- અયોધ્યાપ્રસાદજી મહારાજ
- રઘુવીરજી મહારાજ

સમાજઉત્થાનની પ્રવૃત્તિઓ કરી ચારિત્ર્યસભર, નિર્વ્યસની ભક્તસમુદાય તૈયાર કર્યો.

૫૦૦ પરમહંસો કર્યા
૩૦૦૦ સંતો બનાવ્યા અને
પોતે સાધુ થકી અખંડ પ્રગટ રહેશે તેવા આશીર્વાદ આપી
ગુણાતીતાનંદ સ્વામીની ભેટ આપી.

- સંકલન : પૂ. ધનંજયભાઈ પટેલ, મોગરી



## આપણો તહેવાર :



# ઉત્તરાયણ

**01**

બાલમિત્રો !

૧૪ મી જાન્યુઆરી એટલે ઉત્તરાયણનો તહેવાર. આનંદ-ઉત્સાહથી છલકાતો તહેવાર ! રંગબેરંગી પતંગોનો તહેવાર! તલની સિંગની ચિકી, બોર-જામફળ-શેરડી ખાવાની બહુ જ મજ્જા પડે ! ''કાપ્યો છે''ની બૂમો પાડવાની તો ઓર મજા !

**02**

આપણે આ તહેવારને '**ઉત્તરાયણ**' કહીએ છીએ. કારણ, આ સમયે સૂર્ય પોતાની પરિભ્રમણની દિશામાં પરિવર્તન કરી થોડોક ઉત્તર દિશા તરફ ખસે છે. **તેમજ સૂર્ય એક રાશિમાંથી બીજી રાશિમાં સ્થાનાંતર કરે તેને સંક્રાંતિ કહેવાય.**

**03**

આ સમયે સૂર્ય ધનુ રાશિમાંથી મકર રાશિમાં પ્રવેશ કરે છે એટલે આ તહેવારને 'મકરસંક્રાંતિ' પણ કહે છે. ઠંડીના કારણે આપણી ચામડી કોરી પડી જાય છે તેને પાછી લીસ્સી બનાવવા તલ-સિંગ જેવાં તેલીબિયાંની ચીકી ખાવાનો રિવાજ છે.

**04**

આ ઉત્સવે ગરીબોને તથા બ્રાહ્મણોને દાન આપવામાં આવે છે.
ગાયને બાજરીમાંથી બનતી 'ઘુઘરી' ખવડાવવામાં આવે છે.
આપણે સૌ જામફળ, બોર, શેરડી, જુદી-જુદી ચિકી, ઉંધીયું,
જલેબી અને અનેક પ્રકારના નાસ્તાઓ ખાઇએ છીએ.

**05**

ખેતરમાં ઊગેલા નવા પાકને લણવાનો આ સમય હોય છે. ભારતમાં આ તહેવાર વિવિધ નામોથી અને વૈવિધ્યસભર પરંપરાઓ દ્વારા ઊજવવામાં આવે છે. પંજાબમાં - લહેરી, ગુજરાતમાં - ઉત્તરાયણ, કર્ણાટક અને મહારાષ્ટ્રમાં મકરસંક્રાંતિ, તામિળનાડુમાં-પોંગલ, બિહારમાં- કિચડી, આસામમાં-બિહુ.







ઉત્તરાયણના આગલા દિવસે સૌ
દોરી પીવડાવે છે અને પતંગને કિન્યા
બાંધે છે. દિવસ દરમિયાન ઘરનાં સૌ અગાસી ઉપર,
છાપરાં ઉપર કે મેદાનમાં પતંગો ચગાવે છે.
રાત્રે સ્થિર પતંગ ઉપર 'ટુક્કલ' કે
ફાનસ પણ ચગાવે છે.



સ્વામિનારાયણ સંપ્રદાયમાં
આ ઉત્સવ 'ઝોળીપર્વ' તરીકે છે.
સ્વામિનારાયણ ભગવાને ઉત્તરાયણ પર ઝોળી માંગવા સંતોને
મોકલવાની પ્રથા શરૂ કરી હતી. એ જ પ્રથાને સંતભગવંત સાહેબજીએ
આગળ વધારી. એના પાછળ એક ઊંડો આશય છે.
માંગવા જવાથી અહંકાર ઓછો થાય. 'સ્વ'નો ભાવ ઓગળે
અને મન મંદિર બને.


- તૈયાર મળતી ચાઇનીઝ દોરી કે પતંગ ન વાપરવી.
- વહેલી સવારે કે સાંજે પતંગો ન ચગાવવી. કારણ, સવારનો સમય પક્ષીઓને ચણવા જવાનો તથા સાંજે માળામાં પાછા ફરવાનો સમય હોય છે.
- ઉત્તરાયણ બાદના દિવસોમાં રોડ કે અગાસીમાં છૂટી પડેલી કે ભરાયેલી દોરીનો નાશ કરવો.
- અબોલ પ્રાણી-પક્ષીને નુકસાન ન થાય તે માટે ખાસ ધ્યાન રાખવું.
- કાચ પાયેલી દોરીથી શરીરને નુકસાન ન થાય તેનું ધ્યાન રાખવું.
- વીજળીના થાંભલા અને તાર પર ફસાયેલ પતંગ કે દોરી લેવાનો પ્રયત્ન ન કરો.
- જાહેર રસ્તા પર પતંગ પકડવા દોડાદોડી ન કરો.
- સવિશેષ ધ્યાન રાખો છત પર મોબાઇલ દ્વારા સેલ્ફી લેવાનો કે જોખમી જગ્યાએ વીડિયો બનાવવાનો આગ્રહ ન રાખશો.
- આંખોને અલ્ટ્રાવાયોલેટ કિરણોની અસરથી બચાવો.
- આંખમાં પતંગ, દોરી, ફિરકી કે અન્ય વસ્તુ વાગી ન જાય તેનું ધ્યાન રાખો.
- છત પર સુરક્ષા માટે વડિલોની સાથે રહો, એકલા ન રહો.
- ઘોંઘાટ થાય તેવું લાઉડ સ્પીકર કે સંગીત ન વગાડો
- જીવંત ઇલેક્ટ્રીક વાયરો-જંક્શન, રેલવે ટ્રેક, રોડ પર કે જર્જરીત છતો પરથી પતંગ ન ઉડાડો.

– સંકલન : પૂ. સુચેતાબેન પટેલ, અમદાવાદ.




સૌને ઉત્તરાયણની શુભકામનાઓ.

















Regd. News Paper / Air Mail / Book Post
Anoopam Tarla Monthly R.N.I.New Delhi No.: 2019035472 *
* Date of Publication : 1st Day of each BiMonth
* Date of Posting : 5th day of each BiMonth* Posted at: Nadiad Post Office
Date of Dispatch : 5-1-2020 * Office of Origin : Nadiad
Editor : Sunilkumar D. Pandya * Published by : Sunilkumar D. Pandya
on behalf of Anoopam Mission.*
Published at : Nadiad 387 001, Gujarat Printed by : Dhananjaybhai H. Shah
* Printed at : Krishna Offset Printers, Nadiad - 387 002
If Undelivered Please return to :
**Sharda Mandir Day School, B/h.Madhavbaug, Dakor Road,**
Nadiad - 387 001 Gujarat, India
Phone : (0268) 2561061 / 2561063
email : amindia@anoopam.org * website: www.anoopam.org
Mandir Mahotsav Year, 2020 - Free subscription
Followed by annual subscription of Rs. 50/-

Air Mail / Book Post

To,